CEPT UNIVERSITY
CENTRE FOR URBAN EQUITY

# “સુરક્ષિત અને સમન્વિત શહેરો”

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલેપમેન્ટ (IHD) ને ‘ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ’ ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્ક્લુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન  સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છેઃ શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ)** : દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ

## અમદાવાદ પૉલિસી બ્રીફ ૨

## વટવા પુનર્વસન સ્થળોઃ મૂળભૂત સેવાઓ અને સુવિધાઓઃ અભાવ અને માળખાકીય સવલતોને લગતા સંઘર્ષ

૨૦૦૦ના દાયકાની મધ્યમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પોતાના સ્લમ નેટવર્કિંગ પ્રોજેક્ટ (SNP) હેઠળના ઝૂંપડપટ્ટી વિકાસકાર્યમાંથી ખસીને બે પરસ્પર સંબંધિત કામગીરીમાં લાગી ગયું. શહેરી સુશોભન / માળખાકીય સવલતોને લગતા પ્રોજેક્ટ્સ માટે વિશાળ માત્રામાં ઝૂંપડપટ્ટીઓનું  સ્થળાંતર અને વિસ્થાપિત પરિવારોના પુનઃસ્થાપન માટે બેઝિક સર્વિસિઝ ટુ ધ અર્બન પૂઅર (BSUP) હેઠળ જાહેર આવાસોનું નિર્માણ.* ભારત સરકારના જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) હેઠળ બાંધવામાં આવેલી BSUP સાઇટ્સ ચાર માળનાં મકાનોથી બનેલી છે. એમાં પાણી, સંડાસ-બાથરૂમ, ગટર તેમજ દરેક ઘરમાં અને



અમુક વિસ્થાપિતોનું શહેરના છેવાડે કરેલ પુનર્વસન

બિલ્ડિંગના કૉરિડોરમાં વીજળી જેવી માળખાગત સવલતો આપવામાં આવી છે. પુનર્વસનનાં આ સ્થળોએ શેરીરસ્તા, ખુલ્લી કૉમન જગ્યાઓ, સ્ટ્રીટ લાઇટ્સ, ગટર તેમજ આંગણવાડી (0 થી 6 વર્ષ સુધીની વયના બાળકો માટે સરકાર દ્વારા પ્રાયોજિત બાળસંભાળ તેમજ માતા સંભાળ કેન્દ્રો) અને સ્વાસ્થ્ય કેન્દ્રો જેવી સામાજિક સુવિધાઓ માટે મકાનો પણ બાંધી આપવામાં આવ્યા છે.

વિસ્થાપિત થયેલા અનેક લોકોને આ બાબતો પોતાનાં અગાઉના આવાસો તેમજ આસપાસ ઉપલબ્ધ માળખાગત સવલતોની જોગવાઈ બાબતે સુધારા થયા જેવું તો લાગે. આમ છતાં, લગભગ 5000 ફ્લેટ્સ (કુલ BSUP ઘરના એક ચતુર્થાંશ ભાગ જેટલા) થી બનેલા વટવાના ત્રણ પુનર્વસન સ્થળો (કુશાભાઉ ઠાકરે નગર કે વી.જી.જી નગર, અને સદ્ભાવના નગર)નો કરવામાં આવેલો અભ્યાસ દર્શાવે છે કે આ માળખાગત સવલતો પૂરી પાડવા માટે આપવામાં આવેલી સેવાઓ પૂરેપૂરી સફળ થઈ નથી. આને કારણે મૂળભૂત સેવાઓ અને સુવિધાઓની વંચિતતા તેમજ મૂળભૂત સવલતોને લગતા સંઘર્ષોનું નિર્માણ થાય છે. આ પરિસ્થિતિમાં શહેરી આયોજન અને વહીવટે પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે ફાળો આપ્યો છે.

### ૧. મૂળભૂત સેવાઓ અને સુવિધાઓનો અભાવ

#### પાણી

રહીશો પાણીસંબંધી વિવિધ સુવિધાઓનો અભાવ હોવાનું અનુભવે છે. ૨૦૧૫ની શરૂઆત સુધી, આ સ્થળે જ આવેલા બોરવેલમાંથી પાણી કાઢીને દરેક BSUP સાઇટને પૂરું પાડવામાં આવતું હતું. આ ભૂગર્ભજળનું ભારેપણું (હાર્ડનેસ) તેને પીવાલાયક રહેવા દેતું નથી. તેથી અનેક રહીશોને સ્વાસ્થ્યસંબંધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ૨૦૧૫ની શરૂઆતથી મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હોવા છતાં ઘણા રહીશો હજુ પીવા માટેની ગુણવત્તા બાબતે ફરિયાદ કરે છે (જુઓ કોષ્ટક ૧).



રહીશો પાણીની અછત વખતે ભૂગર્ભ ટાંકી પાસે કપડાં ધોવા ભેગા થયેલ

સમય જતાં અનેક પાણીની સમસ્યાઓ ઉદ્ભવી છે. ઘણા રહીશોને દૈનિક ધોરણે યોગ્ય માત્રામાં પાણી મળતું નથી, અને ઘણા લોકો ક્યારેક દિવસો સુધી પાણી વગર રહે છે. આ સમસ્યા પાછળ બે કારણો છેઃ બિલ્ડિંગ સ્તરે થતું પાણીનું લીકેજ તથા બોરવેલ / UGWT મોટરને વારંવાર થતું નુક્સાન. આ બંને કારણો પાણીની મૂળભૂત સવલતના આયોજન તથા વહીવટને કારણે જ ઉદભવ્યાં છે (જુઓ કોષ્ટક 1).

*ઘણા રહીશોને દૈનિક ધોરણે યોગ્ય માત્રામાં પાણી મળતું નથી,*
*અને ઘણા લોકો ક્યારેક દિવસો સુધી પાણી વગર રહે છે.*

**કોષ્ટક ૧: પાણીની મૂળભૂત સવલતો**

દરેક બી.એસ.યુ.પી સ્થળ પર અનેક પાણીની ટાંકીઓ આવેલી છે (UGWTs). દરેક UGWT એ એક વોટર ઓપરેટર નિયુક્ત કરવામાં આવ્યા છે, જે ઇલેક્ટ્રિક મોટર ચાલુ કરે છે. આ મોટર UGWT માંથી બિલ્ડિંગની ઉપરની ટાંકી (overhead water tanks OWTs) માં પાણી પહોંચાડે છે. ૨૦૧૫ સુધી, દરેક સ્થળ પર આવેલી UGWTs માં બોરવેલમાંથી પાણી પૂરૂં પાડવામાં આવતું હતું. ત્યારથી, અ.મ્યુ.કો. નવી બનાવેલી અન્ડરગ્રાઉન્ડ ટાંકીમાંથી પાણી કાઢીને UGWTs માં પહોંચાડે છે. આ નવી બનાવેલી અન્ડરગ્રાઉન્ડ ટાંકી અ.મ્યુ.કો.ના અનેક વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંના કોઈ એકના પાણીથી ભરાયેલી હોય છે. આને કારણે ભારે પાણી/પીવાના પાણીની સમસ્યા કેટલાક અંશે હળવી બની છે (જો કે, ક્યારેક પાણીની ટાંકીને નજીકના બોરવેલના ક્ષારયુક્ત પાણીથી ભરવામાં આવે છે).

બીજી બાજુ, દૈનિક વપરાશ માટે મળતા અપૂરતા પાણીની સમસ્યા જેમની તેમ છે. આનું એક કારણ એ છે કે ભારે પાણીમાંના ક્ષાર બિલ્ડિંગમાં નાખવામાં આવેલી પાણીની સાંકડી પાઈપમાં જમા થતા રહે છે. તેનાથી પાઈપમાં પાણી વહેવા માટેની જગ્યા વધુ સાંકડી થઈને તેના પ્રવાહને રોકે છે. બીજું કારણ એ કે બિલ્ડિંગમાં નાખવામાં આવેલા અનેક વાલ્વ અને પાઈપો તેમની ખરાબ ગુણવત્તાને કારણે બગડી ગયા છે. તેમાંથી મોટી માત્રામાં પાણી લીક થાય છે. આથી, OWTs માં પાણીનો સંગ્રહ થઈ શકતો નથી. પરિણામે, લોકોને થોડા કલાકો માટે જ પાણી મળે છે. લીકેજ પાણીના દબાણને પણ અસર કરે છે અને આ થોડા કલાકો દરમિયાન પણ અનેક લોકોને અપૂરતું પાણી મળે છે.

પાણી પહોંચાડવા માટેનાં ઘરોની સંખ્યાની સામે મોટરની ક્ષમતા, મોટર ચલાવતી વખતે સખત પાણીમાં રહેલા ક્ષારની તેની પર થતી અસર, તેમજ વોટર ઓપરેટરની બેદરકારી (ઉદાહરણ તરીકે, UGWT ખાલી થઈ જાય એ પછી પણ મોટર ચાલુ રાખવી) જેવા અનેક કારણોથી UGWT ની ઈલેક્ટ્રિક મોટર્સ બગડી જાય છે. ઈલેક્ટ્રિક વાયરિંગ કે સ્વિચ ખરાબ થઈ જાય ત્યારે પણ મોટર બંધ પડી જાય છે. મોટરમાં થતા નુકસાનનો સમયગાળો બદલાતો રહે.. ક્યારેક આવું મહિને એક વાર, તો ક્યારેક અનેક મહિને એક વાર પણ થઈ શકે. મોટરને રિપેર કરવાનું કામ બે કે તેથી વધુ દિવસ સુધી ચાલી શકે છે (ક્યારેક 15 દિવસ પણ લાગી શકે). 2014ના મધ્ય સુધીમાં, અ.મ્યુ.કો. બગડેલી મોટરો રિપેર કરાવતી (વોટર ઓપરેટરે જાણ કર્યા પછી) અને આ રિપેરકામની ઝડપ અ.મ્યુ.કો.ની પ્રતિક્રિયા પર આધાર રાખતી હતી. હવે, રહીશોએ મોટર રિપેરિંગ માટે પૈસા આપવા પડે છે, અને આથી રિપેરિંગની અવધિ રહીશોની આર્થિક સક્ષમતા પર આધાર રાખે છે.

અ.મ્યુ.કો.એ પાણીની માળખાગત સુવિધાઓની જાળવણીની પોતાની જવાબદારીઓ આ મુજબ મર્યાદિત કરી દીધી છેઃ એ પાણીની અન્ડરગ્રાઉન્ડ પાઈપોની જાળવણી કરશે, જ્યારે રહીશોએ પાણી માટે નાખેલી જમીન પરની તમામ પાઈપો અને વાલ્વની તેમજ 2014 ના મધ્યથી UGWT મોટરની જાળવણી કરવાની રહેશે શે. આમ છતાં, આ પૉલિસી બ્રીફમાં ચર્ચા કર્યા મુજબ, અ.મ્યુ.કો. દ્વારા સાઇટ્સ પર કરવામાં આવેલું પાણીના નિષ્ફળ આયોજનને ધ્યાનમાં લઈએ તો કહી શકાય કે રહીશો માટે આ બધી જવાબદારીઓ ઊપાડવી પડકારજનક રહી છે.

આ વંચિતતા તેમને વિવિધ ઉપાયો તરફ દોરી ગઈ છે. વિવિધ સ્થળો પરથી, જેમકે વટવા રેલ્વે સ્ટેશન, નજીકની દુકાનો પાછળના નળમાંથી, સદ્ભાવના નગરમાં આપવામાં આવેલા મ્યુનિસિપાલિટીના નળમાંથી, આજુબાજુના રહેણાકી વિસ્તારોમાંથી) ખાસ કરીને પીવાનું પાણી ભરી લાવવાનો આમાં સમાવેશ થાય છે.

UGWT મોટર બગડી જાય, ત્યારે વૉટર ઓપરેટરો અ.મ્યુ.કો. ને પાણીનાં ટેન્કર મોકલવાનું કહે છે, અને ક્યારેક રાજનીતિક સંપર્કો દ્વારા અ.મ્યુ.કો. ને જવાબ આપવા માટે દબાણ કરે છે. કેટલાક વૉટર ઓપરેટરો UGWT ને છલકાવા  દે છે, પરિણામે રહીશો ત્યાં પાણી ભરવા, નહાવા અને કપડાં ધોવા માટે ભેગા થાય છે (તસવીર ૧). રહીશો પાણીને સંઘરવાનો પણ પ્રયત્ન કરે છે. આમ છતાં, સમય, શ્રમ અને તાણના ભોગે મળતી પાણીની આ વૈકલ્પિક સુવિધા માળખાકીય હિંસાને ઘેરી બનાવે છે. પાણીની માત્રા અપૂરતી હોવાને કારણે ઘરમાં પૂરતી સ્વચ્છતા રહેતી નથી.

### ઘરેલુ વીજળી

અમદાવાદમાં ખાનગી વીજળી પૂરી પાડનારાઓ હોવાથી અનેક રહીશોએ (મુખ્યત્વે, વી.જી.જી નગર અને સદ્‌ભાવના નગરમાં) લાઈટના ભારે બિલ ચૂકવવા પડે છે. આને કારણે ઘણા લોકો પોતાના ઘરમાં ગેરકાયદે વીજળી મેળવવાનો પ્રયત્ન કરે છે. રહીશો સાર્વજનિક લાઈટનાં બિલ ભરવા માટે તૈયાર / સક્ષમ ન હોવાથી મોટા ભાગનાં બિલ્ડિંગોના કૉરિડોરમાં લગાવેલી લાઈટો ચાલતી નથી.

### શેરીની લાઈટો

કેટલાક ભાગમાં, ખાસ કરીને કોમન પ્લોટમાં પૂરતી સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવામાં આવી નથી. પૂરતી લાઈટો છે, ત્યાં એ નિયમિત રીતે ચાલતી જ નથી.



બંધ પડેલ સ્ટ્રીટ લાઈટ

### સ્વચ્છતા

ઘણા કોમન પ્લોટ કચરાથી ખદબદે છે. બિલ્ડિંગમાંથી પાણી તેમજ ગટર લીક થાય કે છલકાય ત્યારે શેરીઓ અને કોમન પ્લોટની ગંદકીમાં ઉમેરો થાય છે.

### સામાજિક સુવિધાઓ

વટવાનાં ત્રણ પુનર્વસન સ્થળોએ સામાજિક સુવિધાઓ માટેનાં નવ બાંધકામોમાંથી માત્ર બે જ પોતાના અસલ હેતુ માટે વાપરવામાં આવે છે. બીજા બાંધકામો ખાલી, વેરાન પડ્યા છે. પુનર્વસનના આ સ્થળોની પાસે અ.મ્યુ.કો.એ એક વિશાળ મ્યુનિસિપલ સ્કૂલ બનાવી છે, પણ ત્યાં આપવામાં આવતા શિક્ષણની ગુણવત્તા નીચી છે. આસપાસમાં કોઈ જાહેર દવાખાનું પણ નથી.

## માળખાકીય સવલતોને લગતા સંઘર્ષ

રહીશો અને અ.મ્યુ.કો. વચ્ચે, રહીશો અને વોટર ઓપરેટર વચ્ચે, જુદાં જુદાં વોટર ઓપરેટરોની વચ્ચે તેમજ અંદરોઅંદર રહીશોની વચ્ચે માળખાકીય સવલતોને લગતા અનેક શાબ્દિક તેમજ શારિરીક સંઘર્ષો ચાલ્યા કરે છે. અપૂરતા પાણી, બિલ્ડિંગનાં કોરિડોરની લાઇટો, પાણી અને ગટર જેવી માળખાગત સવલતોના રિપેરિંગ અને જાળવણીના કામે નાણાં આપવા, તેમજ કચરો ફેંકવા જેવી અનેક બાબતે વારંવાર ઝઘડા થયા કરે છે. વંચિતતાને કારણે સંઘર્ષ ઉત્પન્ન થાય છે, ઉદાહરણ તરીકે, પાણીની અપૂરતી માત્રાને લીધે સંઘર્ષો ઊભા થાય છે. અને પછી સંઘર્ષને લીધે વંચિતતા પેદા થાય છે.



કે.બી.ટી.નગરમાં બંધાયેલ આંગણવાડી મકાન

જેમ કે, જાળવણી ખર્ચ ભરવા બાબતની તકરારોને કારણે પાણી તેમજ ગટરની પાઈપોનું રિપેરિંગ થતું નથી. આથી અપૂરતું પાણી અને અપૂરતી સ્વચ્છતાની પરિસ્થિતિ ઊભી થાય છે, જેને કારણે વંચિતતા ઊભી થાય છે.

## પૂરતું પાણી મેળવવા બાબતે થતા સંઘર્ષ

લીકેજ (જુઓ કોષ્ટક ૧)ના કારણે દૈનિક ધોરણે ઊભી થતી અપૂરતા પાણીની સમસ્યાને પરિણામે રહીશો, ખાસ કરીને વી.જી.જી નગરના રહેવાસીઓ ભેગા મળી અને અ.મ્યુ.કો.ને પાઈપો રિપેર કરાવવાનું કે બદલી આપવા માટે આવેદન આપેલ છે. કેટલાક કિસ્સામાં કોઈ રહીશ અન્ય રહીશોની સહી લઈને અ.મ્યુ.કો. ગયા છે, તો કેટલાક કિસ્સામાં રહીશોએ ભેગા થઈને (મોટે ભાગે મહિલાઓ) અ.મ્યુ.કો.ને રજૂઆત કરી છે. હકારાત્મક પ્રતિભાવ મેળવવા માટે લોકોએ અનેક વાર અ.મ્યુ.કો.ની જુદીજુદી ઓફિસો (બી.આર.ટી.એસ. સાઇટ પરની હંગામી અ.મ્યુ.કો.ઑફિસ, રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ઑફિસ, મુખ્ય AMC ઑફિસ, ઝોનલ ઑફિસ, વટવા મ્યુનિસિપલ વોર્ડ ઑફિસ) પર રજૂઆત કરી છે. અ.મ્યુ.કો. કહે છે કે આ રિપરિંગની જવાબદારી રહીશોની છે. મહિલા રહીશોએ કહ્યું કે અ.મ્યુ.કો. સ્ટાફે કેટલીક વાર એમની સાથે ખરાબ વર્તન કર્યું હતું. કેટલાક કિસ્સામાં આ રીતે જમા થયેલા ટોળાએ હિંસક રૂપ પણ ધારણ કર્યું છે.

> *"(મ્યુનિસિપલ) ઑફિસરે મહિલાઓ સાથે ખરાબ રીતે વાત કરી. એમણે કહ્યું કે તમને અહીં મકાનો આપવામાં આવ્યા છે, તમે એને લાયક નથી. પહેલાં તમે નદીમાંથી પાણી ભરતા હતા એવી રીતે જ અહીં પણ ભરો. આથી કેટલીક સ્ત્રીઓ રોષે ભરાઈ અને ઑફિસમાં તોડફોડ કરી."*

કે.બી.ટી. નગરના એક રહેવાસીએ કહ્યું કે ચાર વખત ન જઈએ ત્યાં સુધી અ.મ્યુ.કો. કદી કોઈ સમસ્યા તરફ ધ્યાન આપતું નથી. આથી, દિવસો સુધી અ.મ્યુ.કો.નીઑફિસે જવાનું ભાડું ખર્ચીને પોતાનો રોજ પાડવા કરતાં પાઈપ રિપેરિંગનો ખર્ચો કરવો સારો. આથી સામૂહિક રજૂઆતો ઓછી થવાના અને ખુલ્લા સંઘર્ષના બનાવોને એક જુદા પરિવેક્ષમાં જોવાની જરૂર છે. આવી પરિસ્થિતિને માળખાકીય હિંસા વધુ ઊંડી થતી જવાની નિશાની ગણવી જોઈએ.

મોટર ખરાબ થતાં (જુઓ કોષ્ટક ૧) તેને ઝડપથી રિપેર કરાવવાની વિનંતી સાથે વી.જી.જી નગર અને સદ્‌ભાવના નગરના રહેવાસીઓ પણ અ.મ્યુ.કો.ના સત્તાધારીઓ પાસે ઘણી વાર જઈ ચૂક્યા છે. અનેક વારની અ.મ્યુ.કો.ની  મુલાકાતો દરમિયાન હિંસકપણાંના પણ દ્રશ્યો સર્જાયા છે. વટવા વોર્ડ ઑફિસમાં જઈને અનેક રહીશોએ હિંસક રૂપ ધારણ કરીને ફર્નિચર અને કમ્પ્યુટર્સ તોડી નાખ્યા હતા. કેટલાક રહીશોએ કહ્યું કે હિંસક બનવું જરૂરી બની ગયું હતું, કારણ કે એ સિવાય અ.મ્યુ.કો. સાવ ધીમી ગતિએ કામ કરતુ રહે અને રહીશોને દિવસો સુધી પાણી વગર રહેવું પડે છે. સામુહિક લડત માટે ભેગા થવું અને સીધે સીધા સંઘર્ષ બંનેના મૂળમાં છે. લોકોની પાઈપ અને મોટર રીપેર કરવા માટેના ખર્ચની અક્ષમતા આ સાથે જોડાયેલ છે. બીજો પ્રશ્ન, જે તાણગ્રસ્ત આજીવિકા અને સંકુચાયેલ આવન જાવનની સવલતો, જેથી લોકોની કુલ આમદની ઘટી છે. (જુઓ કોષ્ટક ૨).

અપૂરતા પાણીની પરિસ્થિતિને કારણે રહીશો અને વોટર ઓપરેટરો વચ્ચે શાબ્દિક યુદ્ધ પણ થઈ જાય છે. પૂરતું પાણી પહોંચાડવા માટે UGWT મોટરનું સંચાલન ઓપરેટરના હાથમાં હોય છે. ઘણા કિસ્સામાં એવું બને છે કે લીકેજ અને બ્લોકેજને કારણે રહીશોને પૂરતું પાણી મળતું નથી. આ બાબત ઓપરેટરના હાથમાં નથી. વધુમાં, આ લીકેજ અને બ્લોકેજ અ.મ્યુ.કો. દ્વારા પાણી પૂરું પાડવા માટે કરવામાં આવેલી ગોઠવણને કારણે ઊભી થયેલી હોય છે (જુઓ કોષ્ટક ૧). બધા રહીશો આ સમજતા નથી. કેટલાક લોકો પાણીના અભાવ માટે ઓપરેટરને જવાબદાર ગણે છે. પરિવાર દીઠ ઓપરેટર દ્વારા ઊઘરાવાતા માસિક ૨૦-૩૦ રૂપિયા આપવાની ઘણા ના પાડે છે, જેમાંથી શાબ્દિક ટપાટપી ઊભા થાય છે. કે.બી.ટી. નગરના એક ઓપરેટરે કહ્યું કે પૈસા ઊઘરાવવા જતી વખતે રહીશો સાથે થતા શાબ્દિક સંઘર્ષો સામાન્ય બની ગયા છે. સદ્‌ભાવના નગરમાં બે વોટર ઓપરેટરો સાથે નિયમિત ધોરણે ઝઘડા થતા રહે છે.

*એક કિસ્સામાં રહીશોના ટોળાંએ ધક્કો મારતાં વોટર ઓપરેટર ઘવાયો હતો. રોજના કંકાસથી કંટાળીને એક વોટર ઓપરેટરે તો પાણીનું સંચાલન કોઈ રહીશને જ સોંપી દીધું.*

સદ્‌ભાવના નગરના બે વોટર ઓપરેટરો વચ્ચે શાબ્દિક ટપાટપી ચાલતી રહે છે. દરેક સાઈટ પર તમામ UGWTs એક જ સ્રોતમાંથી પાણી મેળવે છે અને અનેક વાલ્વ UGWTs માં આવતા પાણીના પ્રવાહને નિયંત્રિત કરે છે. સદ્‌ભાવના નગરમાં એક વાલ્વનું ચાલુ બંધ થવું બે અલગઅલગ UGWTs માં આવતા પાણીને વિપરિત રીતે અસર કરતું હતું. એક UGWT માં પાણીનો પ્રવાહ વધી જતો, તો બીજીમાં ઘટી જતો. આ બંને UGWTs ના ઓપરેટરો ઘણી વાર એકબીજા સાથે ટકરાઈ જતા, કારણ કે અપૂરતા પાણીના મુદ્દે રહીશો સાથે થતા સંઘર્ષોને ટાળવા માટે બંને પોતપોતાની UGWTs નું હિત જ જોતા. એક કિસ્સામાં શાબ્દિક યુદ્ધ વધીને ધમકીઓમાં ફેરવાઈ ગયું. કેટલાક ગુંડાઓ પણ તેમાં સામેલ થયા. અધૂરામાં પૂરું, ઓપરેટરો અલગ ધર્મના હોવાને કારણે બળતામાં ઘી હોમાયું. સદ્‌નસીબે, કોઈને ઈજા ન થઈ. સાઈટ પર મળતા અપૂરતા પાણીને આવા ઝઘડા થાય છે. એ પણ હકીકત છે કે આ સ્થળે પાણીના મુદ્દે સહાયરૂપ થાય એવી કોઈ સંચાલન વ્યવસ્થા (ઔપચારિક કે અનૌપચારિક) નો અભાવ પણ છે.

સદ્‌ભાવના નગરમાં આવેલા મ્યુનિસિપાલિટીના નળ તથા નજીકની હાઉસિંગ સોસાયટીઓના નળ પાસેના રહીશો વચ્ચે પણ શાબ્દિક અને ક્યારેક શારીરિક ઝઘડા થયા છે. અપૂરતા મળેલા પાણીને લીધે મ્યુનિસિપલ

વોટર ટેન્કર બોલાવવામાં આવે, ત્યારે તેમાંથી પાણી ભરીને લઈ જવાના મુદ્દે પણ રહીશો અંદરોઅંદર ઝઘડી પડે છે.

આ ઝઘડાના ઉકેલરૂપે, રાજકીય મદદ દ્વારા સદ્ભાવના નગરમાં નળ લગાવવામાં આવ્યા છે, પણ તેની સંખ્યા અપૂરતી છે. વધુમાં, ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ હિંદુ વસ્તી ધરાવતા બિલ્ડિંગ્સ પાસે જ નળ લગાવ્યા છે.

**જાળવણી તેમજ મરમ્મત માટે આપવામાં આપતા ફાળા બાબતના સંઘર્ષો**

લીક થતા પાણી અને બિલ્ડિંગમાંની ગટરની પાઈપનું સમારકામ તેમજ તેમની સાફસફાઈ મોટાભાગના બિલ્ડિંગો માટે પડકારરૂપ છે. બિલ્ડિંગમાં લગાવેલી મોટા ભાગની પાઈપો તમામ ૩૨ ફ્લેટ દ્વારા વાપરવામાં આવતી નથી; કેટલીક આઠ ફ્લેટ દ્વારા તો કેટલીક ચાર ફ્લેટ દ્વારા વાપરવામાં આવે છે. કેટલાક બિલ્ડિંગમાં આગેવાનો કે રહીશો રિપેરિંગ માટેના પૈસા સફળતાપૂર્વક ઉઘરાવતા હોય એવા પણ કિસ્સા બન્યા છે. કેટલાક કિસ્સામાં બધા જ પરિવારોએ ૬ થી ૮ મહિનાના સમયગાળામાં પરિવારદીઠ ૮૦૦ થી ૧૨૦૦ રૂપિયાનો ફાળો આપ્યો હતો, અને બિલ્ડિંગોની પાણીની પાઈપો બદલાવી હતી. પરિણામે આજે ત્યાંના રહીશોને ૨૪ કલાક પાણી મળે છે. છતાં, અનેક કિસ્સામાં ફાળો ઉઘરાવવા બાબતે તણાવ અને શાબ્દિક સંઘર્ષો થયા હોવાનું નોંધાયું છે.

વી.જી.જી નગરના એક કિસ્સામાં લીકેજને લીધે આઠ પરિવારોને અસર થઈ હતી, પણ એક પરિવાર સમારકામ દરમિયાન બહારગામ હતો. ફાળો ઉઘરાવવા બાબતે ઝઘડા થયા હોવા છતાં એ પરિવારે પોતાનો ફાળો આપવાની ના પાડી. આ ખર્ચનો બોજો રિપેરિંગ માટે આગેવાની લેનાર રહીશે ઉઠાવવો પડ્યો. વી.જી.જી નગરનાં એક બિલ્ડિંગમાં પાણીની પાઈપો લીક થતી હતી. કેટલાક રહીશોએ દલીલ કરી કે તમામ ૩૨ પરિવારોએ ફાળો આપવો જોઈએ, જ્યારે બીજા રહીશોએ એવી દલીલ કરી કે લીક થતી પાઈપોનો ઉપયોગ માત્ર આઠ પરિવારો દ્વારા જ કરવામાં આવે છે. બિલ્ડિંગના એક રહીશનું નિવેદન કંઇક આવું હતું: “ગમે તે કામ કરવાનો અમે પ્રયત્ન કરીએ ત્યારે પહેલાં તો ઝઘડો જ શરૂ થઈ જાય છે.” કે.બી.ટી. નગરના એક રહીશે કહ્યું કે પાઈપ રિપેરિંગ માટેના પૈસા ઉઘરાવતી વખતે હંમેશા તણાવ ઉત્પન્ન થાય છે.

**કોષ્ટક ૨ : પુનર્વસન, આવનજાવનની મુશ્કેલી અને તાણગ્રસ્ત જીવનશૈલી (પૉલિસી બ્રીફ ૧ પણ જુઓ)**

વટવા જેવા દૂરનાં પુનર્વસનના સ્થળેથી કાર્યસ્થળે પહોંચવા માટે ખૂબ ઊંચું ભાડું આપવું પડે છે, જેના લીધે ઘણાનાં કાર્યમાં અનિયમિતતા આવતી (એટલે કે, પરિવહન માટે ખર્ચવાના પૈસા હોય, તો જ કામે જવું શક્ય બને), તો ઘણાંને નોકરીધંધા છોડી પણ દેવા પડ્યા. બીજાએ ઊંચા ભાડાં ખર્ચીને પણ કામ કરવાનું ચાલુ રાખ્યું. જેના કારણે તેમની આવક પર ફટકો પડ્યો. અમૂકે કામધંધા બદલ્યા (જેમકે બહેનો ઘરેથી કામ કરવા લાગી), જેને કારણે તેમની આવક ઘટી. નજીકમાં મળતા કામની આ લોકો પાસે આવડત નથી." બીજુ, જાહેર સ્વાસ્થ્ય સેવાઓ, બહેતર શાળાઓ તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા (જેમ કે, રેશનિંગની દુકાનો) સુધી પહોંચવા માટે ઊંચા ભાડાં ખર્ચવા પડે છે. મૂળભૂત સેવાઓ (ખાસ કરીને વીજળી બિલ) તેમજ મૂળભૂત સવલતો (ખાસ કરીને પાણી અને ગટરની વ્યવસ્થા તથા બિલ્ડિંગનાં કૉરિડોરની લાઇટો) ની જાળવણી પરના ખર્ચા પણ વધ્યા છે. આને કારણે આજીવિકાની તાણ અને સામાજિક-આર્થિક સમસ્યાઓ વધી છે. આથી રહીશોમાં જાળવણી તેમજ મરમ્મત માટેનો ખર્ચ ચૂકવવાની અક્ષમતા અને અનિચ્છા પેદા થઇ છે.

કેટલાક કિસ્સા વી.જી.જી. નગર અને સદ્ભાવના નગરમાં એવા પણ બનેલા, જ્યાં દરેક પરિવાર પાસેથી સફળતાપૂર્વક ફાળો ઊઘરાવીને કેટલીક પાણીની પાઈપો અને વાલ્વનું સમારકામ કરવામાં આવ્યું. છતાં આનાથી સમસ્યાનું નિવારણ ન થયું. રહીશોને હજુ પણ 24 કલાક પાણી મળતું નહોતું. એક બિલ્ડિંગમાં બે મહિલાઓએ પૈસા ઊઘરાવેલા અને રહીશોએ એમની પર પૈસાનો વ્યય કરવાનો અને ખાઈ જવાનો સુદ્ધાં આરોપ લગાવેલો. તેને કારણે તણાવ પેદા થઈ ગયેલો. એ બે મહિલાઓએ કહ્યું કે રહીશો હવે વધુ પૈસા આપવાની ના પાડે છે, અને કહે છે કે સમસ્યાનું નિવારણ નહીં થાય, તો તેઓ પોતાના પૈસા પાછા માંગશે.



ધાબા પર તૂટેલી પાણી ની લાઈન, તેનાથી થતું પાણીનું લીકેજ. ઘરોમાં તેથી બંધ પાણીનો સપ્લાય; અનેક ઘરો પર આવી પરિસ્થિતિ

૨૦૧૪ની મધ્યથી અ.મ્યુ.કો. એ મોટર-રિપેરિંગથી હાથ ધોઈ નાખ્યા, ત્યારથી ઓપરેટરો અને રહીશો વચ્ચે તણાવ વધ્યો છે. બગડેલી મોટરના રિપેરિંગ માટે ઓપરેટરો રહીશો પાસેથી ફાળો ઊઘરાવવાનો પ્રયત્ન કરે ત્યારે બંને પક્ષો વચ્ચે સંઘર્ષ પેદા થતો રહે છે. એક કિસ્સામાં કેટલાક રહીશોએ ઓપરેટર પર મોટર રિપેરિંગના વાસ્તવિક ખર્ચ કરતાં વધુ રકમ ઊઘરાવવાનો આરોપ મૂકેલો. અન્ય રહીશોએ જણાવ્યું કે ઓપરેટર પર મૂકાયેલો આરોપ ખોટો હતો.

રહીશોના પરસ્પરનાં વિશ્વાસનો અભાવ ખાસ કરીને સંયુક્ત લાઈટ બિલ માટે ફાળો (દર મહિને પરિવારદીઠ 20-30 રૂપિયા) આપતી વખતે સ્પષ્ટ રીતે છતો થાય છે. ફાળો ઊઘરાવવાનું કામ સહેલું નથી, એ લોકો જાણતા હોવાથી ફાળો ઊઘરાવવાની જવાબદારી લેવા માટે ખાસ કોઈ તૈયાર થતું નથી. કેટલાક બિલ્ડિંગોમાં થોડા સમય માટે રહીશોએ બિલ ભર્યાં, પણ ફાળો ઊઘરાવવામાં થતી મુશ્કેલીઓને કારણે ધીમે-ધીમે લોકો બિલ ભરવાનું કામ છોડી દેવા લાગ્યા. સંઘર્ષો આ મુશ્કેલીઓનો ભાગ જ હતા.

કે.બી.ટી. નગરમાં આવેલા એક બિલ્ડિંગના રહીશે કહ્યું કે તેમણે બે વર્ષ સુધી સંયુક્ત લાઈટ બિલ ભર્યું. ત્યાર પછી કેટલાક લોકો એમને બીજા દિવસે આવવાનું કહેતા, કેટલાક પૈસા આપવા બાબતે ફરિયાદ કરતા, તો કેટલાક ઝઘડતા. આમ થતાં બે વર્ષ પછી અંતે બિલ ભરવાનું છોડી દીધું. બીજા એક બિલ્ડિંગના રહીશે કહ્યું કે બીજા રહીશોને પૈસા આપવા બાબતે તેના પર વિશ્વાસ નથી. આથી કેટલાક રહીશો એવા પણ છે, જેઓ કોમન લાઈટો ચાલુ રાખવા માટે ભાગે પડતી કરતાં વધુ રકમ ચૂકવે છે. તેનો મત એવો હતો કે રહીશો પોતાના પરિચીત લોકો વચ્ચે રહેતા હોત, તો ફાળો ઊઘરાવવાના કામમાં સરળતા રહેત. તદ્ઉપરાંત ઘણીવખત ઝઘડો ન થવા માટેના કારણોમાં બે ખાસ કારણ છે: કોઇપણ માળખાકીય સુવિધા કાર્યરત ન હોય તો પૈસા ના ભરવા પડે અને કેટલાક રહીશો બીજાના ફાળાનો બોજો પોતાના માથે લઇ લે જેથી સવલતો કાર્યરત રહે.

## કચરો ફેંકવા બાબતે થતા ઝઘડા

કચરો ફેંકવા બાબતે પણ રહીશો વચ્ચે તણાવ અને શાબ્દિક સંઘર્ષ ચાલતો રહે છે. કે.બી.ટી. નગરના એક રહેવાસીએ કહ્યું: “કોમન પ્લોટમાં કોઈ કચરો ફેંકે અને બીજી વ્યક્તિ તેને એમ ન કરવા કહે, તો તેઓ ઝઘડા કરે છે અને ગાળો બોલે છે.” આ સંઘર્ષો નાગરિકોની અંદર સ્વચ્છતા પ્રતેની ભિન્ન સ્તરની પ્રતિબધ્ધતાને કારણે છે. એમાં ધી હોમે છે સામાજિક પરિસ્થિતિમાં ભંગાણ અને તેને કારણે ઉદભવેલ અસહકાર અને જેનાથી કઠિન બને છે સામૂહિક કાર્યો માટેનો સહકાર.



જાહેર પ્લોટમાં અતિશય ગંદકી

| |
|---|
| **કોષ્ઠક 3 : સામાજિક ભંગાણોનું નિર્માણ કરતી અને સામૂહિક કાર્યો તેમજ સામૂહિક વહીવટના પડકારો પેદા કરતી ફાળવણી પ્રક્રિયા**<br>સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને અ.મ્યુ.કો. દ્વારા અમલી બનાવવામાં આવેલી સમસ્યાજનક પુનર્વસન પ્રક્રિયાનું એક પરિમાણ એ છે કે રિવરફ્રન્ટની આસપાસના વિવિધ વિસ્તારોને ભેગા કરવામાં આવ્યા. અને તેમને કમ્પ્યુટરાઇઝ્ડ પદ્ધતિથી પુનર્વસન સ્થળો ફાળવવામાં આવ્યા. તેમાં આ સ્થળોના કોઈ પણ બિલ્ડિંગમાં રહેતા વિસ્થાપિત પરિવારને આડેધડ આમાંનો એક ફ્લેટ ફાળવવામાં આવ્યો. પુનર્વસન પણ અલગઅલગ તબક્કાઓમાં કરવામાં આવ્યું. (કોર્ટના ચુકાદાએ યોગ્યતાનું વિસ્તૃતિકરણ કર્યું હોવાથી, જેમ કે પુનર્વસન પ્રક્રિયા દરમિયાન કટ-ઑફ તારીખ). BRTS માર્ગ વિસ્તૃતિકરણને લીધે, અ.મ્યુ.કો.એ આંબેડકર બ્રિજ અને શાહઆલમ ટોલનાકા વચ્ચેના છ વિસ્તારોના રહેવાસીઓને શહેરના છેવડાના વિસ્તારમાં આવેલા ટ્રાન્ઝિટ કેમ્પમાં મોકલી આપ્યા. 3-4 વર્ષ પછી તેમને એક જ જૂથ ગણીને કમ્પ્યુટરાઇઝ્ડ વિતરણ દ્વારા એમને વટવાનાં બે અલગઅલગ સ્થળે આવેલા બે બિલ્ડિંગમાં ફ્લેટ ફાળવવામાં આવ્યા. અ.મ્યુ.કો.એ પણ BRTS ના માર્ગવિસ્તરણને લીધે અસર પામેલા કાંકરિયા તળાવ પાસે રહેતા લોકોની સાથે આમ જ કર્યું.<br>ફાળવણીની આ પ્રક્રિયાને લીધે લોકોએ એમના વિસ્તૃત પરિવાર, પાડોશીઓ તેમજ અન્ય સગાસંબંધીઓ, મિત્રોથી વિખૂટા પડવું પડ્યું. આ પ્રક્રિયાને કારણે વિવિધ વિસ્તારોમાંથી એક સ્થળે, એક જ બિલ્ડિંગમાં રહેવા માટે અનેક લોકો આવ્યા. આના પરિણામે ઉત્પન્ન થયેલાં સામાજિક ભંગાણોનો અર્થ એ કે અહીં રહેતા રહીશો વચ્ચે પરસ્પર વિશ્વાસનું સ્તર ઉચ્ચ નથી. એના કારણે અનૌપચારિક વહીવટ માટે જરૂરી સામૂહિક કાર્યો અથવા ઔપચારિક સામૂહિક વહીવટી માળખું સ્થાપવા સામે પડકાર ઊભો થાય છે. |

## પૉલિસીની ભલામણો

- પૂરતા પીવાના પાણીની સાર્વત્રિક જોગવાઈ, બની શકે તો દરેક ઘરમાં અંગત જોગવાઈ કરવી જોઈએ.
- પાણીની ગોઠવણનું કાર્ય સરળતાથી પાર પડે એ માટે અનેક પરિબળો ભાગ ભજવે છેઃ જૈવભૌતિક (ઉદાહરણ તરીકે, પાણીની ગુણવત્તા; જેમ કે, ભારે પાણીમાં રહેલા ખનીજોને કારણે બ્લોકેજ થઈ શકે છે, જેનાથી પાઈપો બગડી જાય છે વગેરે), ટેકનિકલ (જેમ કે, પાઈપનો વ્યાસ, પાઈપો અને વાલ્વની ગુણવત્તા, પાઈપો અને વાલ્વની ગોઠવણ, મોટરની ક્ષમતા વગેરે), સામાજિક અને આર્થિક (જેમ કે, માળખાગત સુવિધાઓને જાળવવાની આર્થિક ક્ષમતા), સંસ્થાકીય અને રાજકીય (જેમ કે, યોગ્ય ઔપચારિક અને અનૌપચારિક વહીવટી બંધારણો તેમજ પ્રણાલિઓ, જેનાથી માળખાગત સવલતો અસરકારક રીતે તેમજ

જવાબદારપણે કાર્ય કરી શકે અને જેના દ્વારા એમની જાળવણી થઈ શકે), વગેરે. શહેરના ગરીબ વસ્તીવાળા વિસ્તારોમાં પાણીની સુવિધાઓની રચના અને આયોજન કરતી વખતે આ વિવિધ પરિબળો પણ ધ્યાનમાં લેવાં જોઈએ. ઈજનેરી અભિગમથી જોવામાં આવે તો જ પાણીની સુવિધાઓ સફળ સાબિત થઈ શકે.

- સરકાર શહેરના ગરીબો માટે મકાનો બનાવતી વખતે બિલ્ડિંગની રચના અને માળખાકીય સવલતો પ્રત્યે જ ધ્યાન આપતી રહી છે. મકાનો બનાવવાની ક્રિયાને સમગ્ર નિવાસસ્થાનના નિર્માણ તરીકે જોવાની જરૂર છે, જે તકો અને ક્ષમતાઓમાં વૃદ્ધિ કરી શકે. એનાથી નિવાસને લગતી બાબતો વિશે પણ પુનર્વિચાર કરવા ની શક્યતા ઊભી થાય અને પૂરતી અને સુલભ મૂળભૂત સેવાઓ, માળખાગત સવલતો અને સુવિધાઓ પૂરી પાડવા બાબતે ખાસ ધ્યાન રાખવામાં આવશે.
- પુનર્વસન અનિવાર્ય હોય, તો લોકોની આજીવિકાની સુરક્ષા અને ઉન્નતિને ધ્યાનમાં રાખીને પુનર્વસન અભિગમ તથા પ્રક્રિયાનું નિર્માણ થવું જોઈએ. એ સાથે સામાજિક ભંગાણો તથા પરસ્પર સંબંધોની જાળવણી તેમજ સંભાળ તરફ પણ લક્ષ આપવું જોઈએ, કારણ કે આ સ્થિતિઓ સેવાઓના સામૂહિક સંચાલનને સફળ બનાવવા જરૂરી છે.
- શહેરની ગરીબ વસ્તીવાળા વિસ્તારો- પુનર્વસન સ્થળો હોય કે અન્ય કોઈ- સેવાઓના સામૂહિક વહીવટ માટે એ જરૂરી છે કે સરકારી સત્તાધારીઓ રહીશોની આર્થિક ક્ષમતાઓનું વાસ્તવિક રીતે આકલન કરે. એ ક્ષમતાઓ પ્રમાણે સેવાઓ અને માળખાકીય સુવિધાઓના ટૂંકા ગાળાના તેમજ લાંબા ગાળાના વહીવટનું આયોજન કરે.

વટવા પુનર્વસન સ્થળોએ થતા સંઘર્ષો અને વંચિતતાને લક્ષમાં લેવાનાં ઉદ્દેશ**થી ભરવાના** તાત્કાલિક પગલાં:

- પુનર્વસન સ્થળોએ નિવાસી સંગઠનો બનાવવાનું કામ જે સામાજિક સંસ્થાને આપવામાં આવ્યું હતું, એ તેમને પડકારજનક લાગ્યું, કારણ કે અ.મ્યુ. કૉ. એ પોતાની જવાબદારી વ્યવસ્થિત તેમજ યોગ્ય રીતે ન નિભાવી. આગામી કેટલાક વર્ષોમાં અ.મ્યુ. કૉ એ, સક્રિય રીતે નિવાસી સંગઠનોની રચના કરવામાં સહકાર આપવો જ જોઈએ. સાથે-સાથે અ.મ્યુ. કૉ. એ પુનર્વસન સ્થળો પર મીટિંગો કરીને મૂળભૂત સેવાઓ અને સવલતો બાબતના રહીશોના મંતવ્યો ભેગા કરી તેના ઉપાય તરફ પણ ધ્યાન આપવું જોઈએ.
- રહીશો પાણીની સમસ્યાઓનો સામનો કરે છે, એ જટિલ છે. આમ છતાં, અ.મ્યુ.કો. દ્વારા યોજાયેલી મીટિંગોમાં રહીશો સાથે થતા સંવાદથી પાણીના અભાવ અને એ કારણે ઉદ્ભવતા સંઘર્ષોમાં ઘટાડો થઈ શકે.
- પૂરતી સ્ટ્રીટ લાઈટો (ખાસ કરીને પૂરતા લાઈટના થાંભલા નથી એવા કોમન પ્લોટ) અને એ યોગ્ય રીતે કામ કરે છે કે નહીં તેની ખાતરી કરી લેવી જોઈએ.
- ઉજ્જડ અને ખાલી પડી રહેલા આંગણવાડી અને સ્વાસ્થ્યકેન્દ્રો માટે બનાવવામાં આવેલા મકાનોમાં એને લગતા કામ કરી દેવા જોઈએ.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા
* અનૌપચારિક વાતચીત
* ૧૧ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs)
* ૭ અનૌપચારિક ગ્રુપ ડિસ્કશન્સ (GDs)
* ૩૫ વ્યક્તિગત ચર્ચા
* કુલ ૫૧ પુરુષો અને ૫૩ સ્ત્રીઓએ FGDs, GDs અને વ્યક્તિગત ચર્ચામાં ભાગ લીધો.
* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો
* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત FGDs (૪૬ સ્ત્રીઓ)

Funded by

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઈટ : **www.cept.ac.in/cue** ઈમેલ: **cue@cept.ac.in**